ઈકોનોમિક ટાઈમ્સ

# સિનેમા એડ્‌ની આવક ₹1,000 કરોડે પહોંચશે

**અમદાવાદઃ** ચાલુ વર્ષે દેશમાં સિનેમામાં દર્શાવવામાં આવતી જાહેરખબર ₹૧,૦૦૦ કરોડે પહોંચશે એમ યુએફઓના સીએમઓ અને નેશનલ સેલ્સ હેડ સિદ્ધાર્થ ભારદ્વાજે જણાવ્યું હતું. તેમનું કહેવું હતું કે, યુએફઓ ભારતમાં સૌથી વિશાળ ડિજિટલ સિનેમા ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક અને ઈન સિનેમા એડ્‌વાર્ટાઈઝિંગ પ્લેટફોર્મ ધરાવે છે. ચાલુ વર્ષે જાહેરખબરનો ગ્રોથ ૧૫ ટકાનો રહેશે અને ₹૮૫૦ કરોડનું માર્કેટ ₹૧,૦૦૦ કરોડે પહોંચશે. કંપનીની ગયા વર્ષે આ સેગમેન્ટની આવક ₹૨૨૦ કરોડની રહી હતી. ૨૦૨૨ સુધીમાં જો સિનેમા એડ્‌વર્ટાઈઝમેન્ટ ઉદ્યોગ એક થાય તો આવક ત્રણ ગણી વધવાનો અંદાજ છે. પીડબલ્યુસીના રિપોર્ટ અનુસાર ભારત ૨૦૨૧ સુધીમાં ત્રીજું સૌથી વિશાળ સિનેમા માર્કેટ બની જશે. ભારતીય મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ ઉદ્યોગ વર્ષ ૨૦૨૧ સુધીમાં ₹૨,૯૧,૦૦૦ કરોડનો બનશે. આ ઉદ્યોગ ૨૦૧૭-'૨૧ સુધીમાં ૧૦.૫ ટકાના ચક્રવૃદ્ધિ દરે વિકસશે. ભારદ્વાજે એમ પણ જણાવ્યું હતું કે, મોટા પડદાની કેટેગરીમાં ટેક્નોલોજિકલ એડ્‌વાન્સમેન્ટ અને સર્વિસ ઓરિએન્ટેડ બિઝનેસ મોડલ સાથે યુએફઓએ ભારતભરમાં ઈન સિનેમા એડ્‌વર્ટાઈઝિંગ પ્લેટફોર્મમાં મોટી અસર છોડી છે અને જેમાં તે ૩,૮૦૦થી વધુ સ્ક્રીન્સ પર લોંગ ટર્મ એડ્‌વર્ટાઈઝિંગ રાઈટ્સ ધરાવે છે."